ષોડશગ્રન્થ સંગતિ

(શ્રીકૃષ્ણાશ્રય-દર્શન પૂર્વપીઠિકામાંથી ઉદ્ધૃત)

અનુવાદ -
(૧) ડો.શ્રીરમેશભાઇ જી.શાહ-ડભોઇ.
(૨) શાસ્ત્રીજી શ્રીપ્રદ્યુમ્નભાઇ-વડોદરા.
(૩) શાસ્ત્રીજી શ્રીપ્રદ્યુમ્નભાઇ-વડોદરા.

—: પ્રકાશક :—
શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ– વડોદરા.

નવા પ્રકાશન માટે તૈયાર પુસ્તકો

અમારા ટ્રસ્ટ પાસે હાલ પ્રકાશન માટે જે પુસ્તકો તૈયાર છે કે જેના પ્રકાશન ખર્ચની રકમની વ્યવસ્થા બેસતાં પ્રકાશન માટે મોકલી અપાશે. પુસ્તકોના પ્રકાશનનો અંદાજી ખર્ચ નીચે જણાવેલ વિગતે છે. આમાં જે પણ વૈષ્ણવો ઉદારતાથી દ્રવ્યસહાય કરવા માંગતા હોય તે કરી શકે છે. આમાં કોઈ એક પુસ્તકનો ખર્ચ કોઈ એક વ્યક્તિ પણ ઉઠાવી શકે છે અને જો એકથી પહોંચાતું ન હોય તો બીજા બે કે ત્રણ વ્યક્તિઓ મળીને પણ ઉઠાવી શકે છે. પ્રકાશન માટે જે પુસ્તકો તૈયાર છે તેના ખર્ચની અંદાજી રકમ સહ વિગત :-

પુસ્તકનું નામ	લેખક	ભાષા	અંદાજી ખર્ચ
(૧) જલભેદ દર્શન-૧ (પૂર્વપીઠિકા)	ગો.શ્રીચંદ્રગોપાલજી	ગુજરાતી	૩૦,૦૦૦
(૨) સિદ્ધાન્ત રહસ્ય દર્શન ભાગ-૧ (પૂર્વપીઠિકા)	ગો.શ્રીચંદ્રગોપાલજી	ગુજરાતી	૪૫,૦૦૦
(૩) શ્રીમદ્‌ભગવદ્‌ગીતા ભક્તિયોગ (બારમો અ.)	ગો.શ્રીચંદ્રગોપાલજી	ગુજરાતી	૨૦,૦૦૦
(૪) બ્રહ્મસમ્બન્ધ અથવા આત્મનિવેદન	ગો.શ્રીચંદ્રગોપાલજી	ગુજરાતી	૧૨,૦૦૦
(૫) શ્રીવલ્લભ વચનામૃત સંગ્રહ	ગો.શ્રીચંદ્રગોપાલજી	ગુજરાતી	૧૫,૦૦૦
(૬) બ્રહ્મસમ્બન્ધ (બ્રહ્મસમ્બન્ધ અંગેના પ્રશ્નો અને તેના ઉત્તરો)	ગો.શ્રીચંદ્રગોપાલજી	ગુજરાતી	૧૮,૦૦૦
(૭) શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણ કૃત-‘ન્યાસાદેશ’ વિવરણ	અનુવાદ- ગો.શ્રીચંદ્રગોપાલજી	ગુજરાતી	૧૦,૦૦૦
(૮) શ્રીમત્ પ્રભુચરણ શ્રીગુસાંઈજી-શ્રીવિઠ્ઠલેશ્વરજી	ગો.શ્રીચંદ્રગોપાલજી	ગુજરાતી	૦૮,૦૦૦

પુષ્ટિમાર્ગીય વિષયો પર પૂ.ગો.શ્રીચંદ્રગોપાલજી મહારાજશ્રીના થતા પ્રવચનો તથા શિબિર વિષયોની તૈયાર સી.ડી.(એમ.પી.૩) ની યાદી

વિષય	સ્થળ	સી.ડી.નં.	ન્યોછાવર
૧) સર્વનિર્ણય ફલપ્રકરણ-૧	ગોવર્ધન શિબિર	૩	૬૦
૨) સર્વનિર્ણય ફલપ્રકરણ-૨+પ્રોટોકોલ	તિથલ શિબિર	૩+૧	૮૦
૩) સર્વનિર્ણય ફલપ્રકરણ-૩+પ્રોટોકોલ	લોનાવાલા શિબિર	૩+૧	૮૦
૪) સર્વનિર્ણય ફલપ્રકરણ ૪	તિરૂપતિ શિબિર	૩	૬૦
૫) સર્વનિર્ણય ફલપ્રકરણ ૫	જયપુર શિબિર	૨	૪૦
૬) સર્વનિર્ણય ફલપ્રકરણ ૬	દેવલાલી શિબિર	૧	૨૦
૭) સર્વનિર્ણય ફલપ્રકરણ ૭	જગન્નાથપુરી શિ.	૨	૪૦
૮) ન્યાસાદેશ ભાગ-૧	રાજકોટ શિબિર	૩	૬૦
૯) ન્યાસાદેશ ભાગ-૨	સિહોર શિબિર	૨	૪૦
૧૦) ન્યાસાદેશ ભાગ-૩-૪	આણંદ શિબિર	૩	૬૦
૧૧) ન્યાસાદેશ ભાગ-૫	ભાવનગર શિબિર	૨	૪૦
૧૨) એકાદશ સ્કન્ધ ભાગ-૧ થી ૭	વડોદરા શિબિર	૧૩	૨૬૦
૧૩) ભક્તિવર્ધિની ભાગ-૧	જતિપુરા શિબિર	૧	૨૦
૧૪) ભક્તિવર્ધિની ભાગ-૨	વજ્રેશ્વરી શિબિર	૨	૪૦
૧૫) ભક્તિવર્ધિની ભાગ-૩	વડોદરા શિબિર	૨	૪૦
૧૬) ભક્તિવર્ધિની ભાગ-૪	જેસલમેર શિબિર	૨	૪૦
૧૭) ભક્તિવર્ધિની ભાગ-૫	રામેશ્વર શિબિર	૧	૨૦
૧૮) વિરહ ચતુઃશ્લોકી	વડોદરા પ્રવચન	૨	૪૦
૧૯) સિદ્ધાન્તમુક્તાવલી	સુરત-શિબિર	૧	૨૦
૨૦) યમુનાષ્ટક ૧-૨-૩-૪	મુંબઇ પ્રવચન	૯	૧૮૦
૨૧) વિવેકધૈર્યાશ્રય	મુંબઇ પ્રવચન	૮	૧૬૦
૨૨) ભક્તિવર્દ્ધિની	મુંબઇ પ્રવચન	૩	૬૦
૨૩) નિરોધલક્ષણ	વડોદરા ક્લાસ	૨	૪૦
૨૪) રાસપંચાધ્યાયી	મુંબઇ પ્રવચન	૩	૬૦
૨૫) ગોપીગીત	મુંબઇ પ્રવચન	૨	૪૦
૨૬) દાનલીલા	મુંબઇ પ્રવચન	૧	૨૦
૨૭) યુગલગીત	મુંબઇ પ્રવચન	૧	૨૦
૨૮) ભ્રમરગીત	મુંબઇ પ્રવચન	૧	૨૦
૨૯) સિદ્ધાન્ત રહસ્ય	મુંબઇ પ્રવચન	૨	૪૦
૩૦) નિરોધલક્ષણ	અમદાવાદ પ્રવચન	૧	૨૦
૩૧) ભક્તિયોગ	કલકત્તા પ્રવચન	૧	૨૦
૩૨) કીર્તન-ભાવાર્થ શિબિર -૧- ૨-૩	અમદાવાદ શિબિર	૬	૧૨૦
૩૩) સાધના સોપાન,સર્વોત્તમ સ્તોત્ર	ચમ્પારણ્ય શિબિર	૫	૧૦૦
૩૪) સેવાફલ	વડોદરા ક્લાસ	૫	૧૦૦
૩૫) સિદ્ધાન્ત રહસ્ય	કલકત્તા શિબિર	૨	૪૦
૩૬) ગીતા-૧૭, જલભેદ, પુષ્ટિવિવેક	બાળ-શિબિર-૩	૨	૪૦
૩૭) ગીતા-૧૬, સંન્યાસનિર્ણય,	બાળ-શિબિર-૪	૧	૨૦
૩૮) પુષ્ટિપ્રવાહમર્યાદા	મુંબઇ પ્રવચન	૧	૨૦
૩૯) ભક્તિહંસ	બેંગલોર શિબિર	૩	૬૦
૪૦) સંન્યાસનિર્ણય	અમદાવાદ પ્રવચન	૧	૨૦
૪૧) ષોડશગ્રન્થ-ઉચ્ચારણશુદ્ધિ સાથે	વિંશતિ ગ્રન્થાઃ	૧	૨૦
૪૨) શ્રીમદ્ભગવદ્ગીતા	એમ.એસ.યુ.-વડો.	૧	૨૦
૪૩) વેણુગીત	બેંગ્લોર ક્લાસ	૧	૨૦
૪૪) ભક્તિહંસ -૧-૨-૩-૪-૫	વડોદરા શિબિર	૬	૧૨૦
૪૫) વેણુગીત	વડોદરા પ્રવચન	૧	૨૦
૪૬) ગીતા-૧૪,શિક્ષાઃશ્લોકા,અણુભાષ્ય	બાળ-શિબિર-૫	૧	૨૦
૪૭) ચતુઃશ્લોકી	વડોદરા ક્લાસ	૪	૨૦
૪૮) પુષ્ટિમાર્ગ લક્ષણાનિ	વડોદરા પ્રવચન	૧	૨૦
૪૯) અષ્ટાંગયોગ અને સેવાયોગ	વડોદરા શિબિર	૧	૨૦
૫૦) પ્રોટોકોલ્સ, અષ્ટાંગયોગ, અવધૂતાખ્યાન	બાળ-શિબિર-૬	૧	૨૦
૫૧) અંતઃકરણપ્રબોધ	વડોદરા ક્લાસ	૨	૪૦
૫૨) ભક્તિવર્દ્ધિની	જૂનાગઢ શિબિર	૨	૪૦
૫૩) વેણુગીત-૨	રાજકોટ ક્લાસ	૧	૨૦

(અનુસંધાન કવરપેજ ૩ ઉપર)

(અનુસંધાન કવરપેજ ૨ નું ચાલુ)

(૧) શ્રીહરિરાયચરણ-(૨) શ્રીપુરુષોત્તમચરણ તથા
(૩) શ્રીદ્વારકેશચરણ પ્રદર્શિત

ષોડશગ્રન્થ સંગતિ

અનુવાદ -
(૧) ડો.શ્રીરમેશભાઇ જી.શાહ-ડભોઇ.
(૨) શાસ્ત્રીજી શ્રીપ્રદ્યુમ્નભાઇ-વડોદરા.
(૩) શાસ્ત્રીજી શ્રીપ્રદ્યુમ્નભાઇ-વડોદરા.

આ પ્રકાશનમાં દ્રવ્યસહયોગકર્તા -

ગો.વા.દમયન્તીબેન દામોદરભાઇ આશર તથા
ગો.વા.ચમ્પાબેન મોહનલાલ સાંગાણી તથા પરિવાર
(ફોન નં.૦૯૮૨૦૧૫૮૫૨૬)ના
સર્વ વૈષ્ણવોને જયશ્રીકૃષ્ણ

પ્રકાશક

શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ

'શ્રીરાધાકૃષ્ણકુંજ' બી-૪૧/૧ શ્રીનગર સોસાયટી, એચ રોડ, અકોટા રોડ, દિનેશ
મીલ પાછળ, વડોદરા - ૩૯૦ ૦૨૦
ફોન : (૦૨૬૫) ૨૩૨૬૮૯૭ સમય : બપોરે ૨-૦૦ થી ૬-૦૦
E-mail : **shreevallabhvitthal@gmail.com**

પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન

શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ

(૧)ચુનીભાઇ શાહ, (૨)કૃષ્ણકાન્તભાઇ શાહ, (૩) વિનોદભાઇ શાહ
''શ્રીરાધાકૃષ્ણકુંજ'' બી-૪૧/૧ શ્રીનગર સોસાયટી, એચ રોડ, અકોટા રોડ,
દિનેશ મીલ પાછળ, વડોદરા - ૩૯૦ ૦૨૦
ફોન : ૦૨૬૫-૨૩૨૬૮૯૭ (બપોરે ૨ થી સાંજના ૬ સુધી)
E-mail : **shreevallabhvitthal@gmail.com**

© સર્વ હક્ક પ્રકાશકને આધીન

પ્રથમ સંસ્કરણ વિ.સં. -૨૦૬૮, ચૈત્ર સુદ, ઈ.સ. માર્ચ-૨૦૧૨

પ્રત - ૧૦૦૦

ન્યોછાવર - ૧૦ /- (પોસ્ટેજ અલગથી)

કમ્પ્યુટર ટાઈપ સેટિંગ તથા મુદ્રક :-
વલ્લભ વિઠ્ઠલ કમ્પ્યુટર્સ
૨૯-પરિચય પાર્ક, જે.પી.રોડ પોલીસ સ્ટેશનની પાછળ, દીવાળીપુરા, વડોદરા.
ફોન : (૦૨૬૫) ૨૩૫૧૭૮૧, મો : ૯૮૯૮૧૦૬૪૪૯

બે શબ્દ

શ્રીમહાપ્રભુ, શ્રીપ્રભુચરણ, શ્રીગોવર્દ્ધનધરણની અસીમ કૃપાથી **‘ષોડશગ્રન્થ-સંગતિ’** નામે પુસ્તિકાનું પ્રકાશન થવા જઈ રહ્યું છે તેથી હું ખૂબ જ આનન્દ અનુભવું છું.

આ પુસ્તિકામાં પ્રથમ શ્રીહરિરાયજીકૃત ‘વિંશગ્રન્થાનુક્રમણિકા’ નામનો લઘુગ્રન્થ કે જે નાથદ્વારના વિદ્યાવિભાગના હસ્તપ્રતરૂપે હતો અને ડભોઈના શ્રીરમેશભાઈ શાહ એમણે શ્રીહરિરાયજી ઉપર શોધગ્રન્થ માટે સંશોધન કરતાં તેઓ આ ગ્રન્થનો ઉતારો નાથદ્વારથી ઉતારી લાવ્યા હતા અને તેને અમારા દ્વારા લખાયેલ ‘કૃષ્ણાશ્રય-દર્શન’ પૂર્વપીઠિકામાં પરિશિષ્ટમાં શ્રીવલ્લભવિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ-વડોદરા દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યો હતો તેને જ અહીં ફરીથી પ્રકાશિત કરાયો છે. તેવી જ રીતે શ્રીપુરુષોત્તમજી કૃત ‘ષોડશગ્રન્થાનાં સંગતિઃ’ નામનો લઘુગ્રન્થ કે જે અમારી પાસે શ્રીપુરુષોત્તમજીના હસ્તાક્ષરમાં હસ્તપ્રતરૂપે બિરાજે છે અને આને પણ ઉપરની વિગતે પ્રકાશિત કરાયો હતો તેને જ અહીં ફરીથી પ્રકાશિત કરાયો છે. તેમજ શ્રીદ્વારકેશજી વિરચિત ષોડશગ્રન્થોની સંગતિ આપશ્રીએ શ્રીયમુનાષ્ટક ઉપર સ્વકૃત ટીકામાં કારિકાના સ્વરૂપમાં આપી છે તેમાંથી ઉદ્ધૃત કરીને અહીં પ્રકાશિત કરવામાં આવ્યું છે.

આ ત્રણે લેખનો ખૂબ જ સુન્દર અને ઉપયોગી છે તેમજ જિજ્ઞાસુજનો-શ્રીવલ્લભાચાર્યજીના સિદ્ધાન્તોને જિજ્ઞાસાપૂર્વક અધ્યયન કરનારા લોકો માટે ષોડશગ્રન્થોની આ સંક્ષિપ્ત સારરૂપ સમરી ખૂબ જ ઉપકારક છે અને તેથી જ શ્રીવલ્લભ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા પ્રતિવર્ષ યોજાતી પુષ્ટિમાર્ગીય સંસ્કાર-શિક્ષણ શિબિરમાં જુનાગઢ ખાતે તા.૧૭-૫-૧૨ થી ૨૩-૫-૧૨ ના સમયમાં વર્ગ સી-૧ના ૪૦ થી ઉપરની વયના લોકોના અધ્યયન માટે નક્કી કરવામાં આવી અને તેથી આનું પ્રકાશન કરવામાં આવી રહ્યું છે.

આ પ્રકાશનનાં કાર્યમાં ચેન્નઈ-મુંબઈના શ્રીજગદીશભાઈ આશર તથા તેમના પત્ની સૌ.શ્રીઉષાબેન આશર એમણે પોતપોતાના માતૃશ્રીના સ્મરણાર્થે ઉદારતાથી શ્રીમહાપ્રભુજીની વાણીની સેવામાં દ્રવ્યવિનિમય કર્યો છે તે બદલ તેમને અનેકશઃ ધન્યવાદો

ગુજરાતી વિ.સં.૨૦૬૮,
ચૈત્ર વદ-૧૧, **શ્રીવલ્લભાચાર્ય**
ચરણ પ્રાદુર્ભાવ મહોત્સવ,સોમવાર
૧૬-૪-૨૦૧૨-વડોદરા.

ગોસ્વામી ચન્દ્રગોપાલ
વડોદરા.

અનુક્રમણિકા

પૃષ્ઠ

(૧) શ્રીહરિરાયમહાપ્રભુ વિરચિત ૫-૧૧
વિંશગ્રન્થાનુક્રમણિકા –
અનુવાદ-ડો.શ્રીરમેશભાઈ જી.શાહ-ડભોઈ

(૨) દશદિગન્તવિજયી (લેખવાળા) ગો.શ્રીપુરુષોત્તમજી ૧૨-૧૭
મહારાજ વિરચિત **ષોડશગ્રન્થાનાં સંગતિઃ**
અનુવાદ - શાસ્ત્રીજી શ્રીપ્રદ્યુમ્નભાઈ શુક્લ-વડોદરા.

(૩) શ્રીદ્વારકેશજી વિરચિત શ્રીયમુનાષ્ટક ટિપ્પણમાં ૧૮-૨૨
આરંભે આપેલ **ષોડશગ્રન્થોની સંગતિઃ**
અનુવાદ-શાસ્ત્રીજી શ્રીપ્રદ્યુમ્નભાઈ શુક્લ-વડોદરા.

શ્રીહરિરાય મહાપ્રભુ વિરચિત

विंशग्रन्थानुक्रमणिका

વિંશ (વીસ) ગ્રંથાનુક્રમણિકા

અનુવાદ તથા વિવેચન- ડો.શ્રીરમેશભાઇ જી.શાહ-ડભોઇ.

अथ श्रीहरिरायजीकृतग्रन्थानुक्रमणिका लिख्यते ॥

હવે શ્રીહરિરાયજીએ રચેલો ગ્રંથાનુક્રમણિકા ગ્રંથ લખવામાં આવે છે.

तत्रादौ चिन्तासन्तानेति मङ्गलाचरणं पठित्वा ग्रन्थपाठारम्भः कार्यः ॥

તેમાં (એટલે કે વૈષ્ણવોએ સ્વમાર્ગીય કયા ગ્રંથોનો નિત્યપાઠ કરવો એના અનુક્રમની બાબતમાં) સર્વ પ્રથમ - ચિંતાસંતાનહન્તારો ... વગેરે મંગલાચરણના શ્લોકોનું પઠન કરીને (અર્થાત્ શ્લોકો બોલીને) પછી જ ગ્રંથોના પાઠનો આરંભ કરવો જોઈએ.

सर्वोत्तमग्रन्थः ॥ तत्र श्रीमदाचार्याणां स्वरूपधर्मनिरूपणपूर्वकनामनिरूपणम् । तेन भक्तिमार्गप्रतिबन्धनिवृत्तिपूर्वकभक्तिरसास्वादः ॥ १ ॥

સર્વોત્તમસ્તોત્ર એ નામનો ગ્રંથ - તેમાં (તે ગ્રંથમાં) શ્રીમદ્ વલ્લભાચાર્યચરણના સ્વરૂપ અને ધર્મના નિરૂપણપૂર્વક નામોનું વર્ણન કરવામાં આવ્યું છે. તેનાથી (તે સ્તોત્રનો પાઠ કરવાથી) ભક્તિમાર્ગના પ્રતિબંધો-અંતરાયો દૂર થાય છે તથા ભક્તિરસનો આસ્વાદ પ્રાપ્ત થાય છે (અનુભવાય છે) ॥ ૧ ॥

श्रीवल्लभाष्टकम् ॥ तेनाविर्भावप्रयोजनादिधर्मयुतरसात्मकस्वरूपनिरूपणम् ॥ २ ॥

શ્રીવલ્લભાષ્ટકમ્ :- તેના પાઠથી શ્રીવલ્લભના આવિર્ભાવના પ્રયોજન વગેરે ધર્મોથી યુક્ત તેમના રસાત્મક-આધિદૈવિક સ્વરૂપનું નિરૂપણ (ભક્તિયુક્ત હૃદયમાં) અનુભવાય છે ॥ ૨ ॥

श्रीकृष्णप्रेमामृतम् ॥ तेनान्तरङ्गबहिरङ्गैश्वर्यादिधर्मनिरूपणम् ॥ ३ ॥

શ્રીકૃષ્ણ પ્રેમામૃતમ્ - આ સ્તોત્ર એટલે સ્ફુરત્કૃષ્ણ પ્રેમામૃત સ્તોત્ર અથવા સપ્તશ્લોકી ગ્રંથ સમજવો. તેના પાઠથી શ્રીવલ્લભના અંતરંગ = અંદરના અને બહિરંગ = બહારના એમ દ્વિવિધ-બે પ્રકારના ઐશ્વર્યાદિ (ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય) ધર્મોનું નિરૂપણ (ભક્તિયુક્ત અંતઃકરણમાં) અનુભવાય છે ॥ ૩ ॥

श्रीनामरत्नाख्यग्रन्थः ॥ तेन श्रीगोस्वामिनां नामधर्मस्वरूपज्ञानं तत्कृपया तदङ्गीकारेण श्रीमदाचार्याणां नामस्वरूपधर्मज्ञानं भवति ॥ ४ ॥

શ્રીનામરત્નાખ્ય ગ્રંથ - (આ ગ્રન્થ શ્રીરઘુનાથજી કૃત છે અને તેમાં શ્રીગુસાંઈજીના ૧૦૮ નામોનું નિરૂપણ થયેલું છે,) તેના પાઠથી ગોસ્વામી શ્રીવિઠ્ઠલનાથજી શ્રીગુસાંઈજીના નામ, ધર્મ અને સ્વરૂપનું જ્ઞાન થાય છે તથા તેમની કૃપાથી તેમના દ્વારા (જીવનો) અંગીકાર - સ્વીકાર થવાથી શ્રીમદાચાર્યચરણ શ્રીવલ્લભાચાર્યજીનાં નામ, સ્વરૂપ અને ધર્મનું જ્ઞાન (પણ) થાય છે ॥ ૪ ॥

अथ श्रीमदाचार्यकृत-षोडशग्रन्थानुक्रमणिका लिख्यते

હવે શ્રીમદાચાર્યચરણ વિરચિત ષોડશગ્રંથોની અનુક્રમણિકા લખવામાં આવે છે.

तत्रादौ श्रीयमुनाष्टकम् ।। तेन समस्तदुरितक्षयपूर्वकसेवोपयोगिदेहसिद्धिः स्वभावविजयश्च ।। ५ ।।

તે (ષોડશ ગ્રંથો) માં પહેલો **શ્રીયમુનાષ્ટક** (ગ્રંથ) છે. તેના પાઠથી સમસ્ત બધા જ દોષો-પાપોનો વિનાશ થઈ સેવોપયોગી દેહ (ભગવત્સેવામાં ઉપયોગી અલૌકિક શરીર) મેળવવાની સિદ્ધિ અને સ્વભાવ ઉપર વિજય પ્રાપ્ત થાય છે ।। ૫ ।।

श्रीबालबोधग्रन्थः ।। तेन स्वमार्गाज्ञाननिवृत्तिपूर्वकस्वमार्गीयधर्मादिपुरुषार्थज्ञानम् ।। ६ ।।

શ્રીબાલબોધ ગ્રંથ :- તેના પાઠથી સ્વમાર્ગ (પુષ્ટિમાર્ગ) વિષેના અજ્ઞાનની નિવૃત્તિ અર્થાત્ પોતાના માર્ગ વિષેનું અજ્ઞાન દૂર થઈ પોતાના તે) માર્ગમાં રહેલા ધર્મ વગેરે (અર્થાત્ ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપ ચાર) પુરુષાર્થોનું જ્ઞાન પ્રાપ્ત થાય છે ।। ૬ ।।

श्रीसिद्धान्तमुक्तावलीग्रन्थः ।। तेन परमतनिराकरणपूर्वकस्वसिद्धान्तनिरूपणं श्रीगङ्गादृष्टान्तेन ।। ७ ।।

શ્રીસિદ્ધાન્તમુક્તાવલી ગ્રંથ :- તેના પાઠથી પરમત નિરાકરણપૂર્વક (અર્થાત્ અન્ય મતો વિશેનો ખુલાસો થઈ) સ્વસિદ્ધાન્ત (પોતાના પુષ્ટિ સિદ્ધાન્ત)નું નિરૂપણ શ્રીગંગાનાં ઉદાહરણથી (મનમાં દઢ) થાય છે (અર્થાત્ જેમ જલરૂપ ગંગા આધિભૌતિક, માહાત્મ્યરૂપ ગંગા આધ્યાત્મિક તથા દેવરૂપ ગંગા આધિદૈવિક તેમ જગતરૂપ બ્રહ્મ આધિભૌતિક, અક્ષરરૂપ બ્રહ્મ આધ્યાત્મિક તથા શ્રીકૃષ્ણરૂપ પરબ્રહ્મ આધિદૈવિક - એમ સ્વરૂપ વિષયક સિદ્ધાન્ત સ્પષ્ટ સમજાય છે) ।। ૭ ।।

पुष्टिप्रवाहमर्यादाग्रन्थः ।। तेन पुष्टि-प्रवाह-मर्यादामार्गीय-जीवदेहकृतीनां स्वरूपज्ञानम् ।। ८ ।।

પુષ્ટિપ્રવાહ મર્યાદા ગ્રંથ :- તેના પાઠથી, પુષ્ટિ, પ્રવાહ અને મર્યાદા - એ ત્રણે માર્ગોના જીવો, તેમના દેહો અને તેમની કૃતિઓ (કાર્યો) વિશેનાં સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત થાય છે ।। ૮ ।।

सिद्धान्तरहस्यग्रन्थः ।। तेन समर्पणस्वरूपज्ञानं ततः समर्पितजनैर्व्यवहारः ।। ९ ।।

સિદ્ધાન્ત રહસ્ય ગ્રંથ :- તેના પાઠથી પ્રભુને સમર્પણ કેવી રીતે કરવું તેના સ્વરૂપનું જ્ઞાન તથા તેથી સમર્પિતજનોએ સમર્પણ કરવાની બાબતમાં કેવી રીતે વ્યવહાર-વર્તન કરવાં તે વિશે (પણ) જ્ઞાન પ્રાપ્ત થાય છે. ।। ૯ ।।

अन्तःकरणप्रबोधः ।। तेन पश्चात्तापनिवृत्तिपूर्वकस्वरूपज्ञानम् ।। १० ।।

અંતઃકરણ પ્રબોધ :- તેના પાઠથી સર્વ પશ્ચાત્તાપ દૂર થઈ પોતાનાં સાચાં સ્વરૂપનું જ્ઞાન થાય છે ।। ૧૦ ।।

नवरत्नग्रन्थः ।। तेन सेवाविषयाणां चिन्तानिवृत्तिः ।। ११ ।।

નવરત્ન ગ્રંથ : તેના પાઠથી ભગવત્સેવાવિષયક (ભગવાનની સેવામાં આવશ્યક સામગ્રી મેળવવા માટેની તથા સેવામાં આવતા પ્રતિબંધો વગેરેની) સર્વ ચિંતાઓ દૂર થાય છે ।। ૧૧ ।।

विवेकधैर्याश्रयग्रन्थः ।। तेन विवेकधैर्यभगवदाश्रयस्वरूपज्ञानम् ।। १२ ।।

વિવેકધૈર્યાશ્રય ગ્રંથ :- તેના પાઠથી (હરિ બધું પોતાની ઈચ્છાથી કરશે વગેરે પ્રકારે) વિવેક, (આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક - ત્રણ પ્રકારનાં દુઃખોને સહન કરવારૂપી) ધૈર્ય તથા ભગવાનનો (દઢ) આશ્રય - એ ત્રણેના સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. ।। ૧૨ ।।

कृष्णाश्रयग्रन्थः ।। तेन आश्रयसिद्धिः ।। १३ ।।

કૃષ્ણાશ્રય ગ્રંથ :- તેના પાઠથી આશ્રયની સિદ્ધિ પ્રાપ્ત થાય છે (અર્થાત્ શ્રીકૃષ્ણનો અનન્યાશ્રય સિદ્ધ થાય છે) ।। ૧૩ ।।

चतुःश्लोकीग्रन्थः ।। तेन पुष्टिमार्गीयधर्मादिपुरुषार्थज्ञानम् ।। १४ ।।

ચતુઃશ્લોકી ગ્રંથ :- તેના પાઠથી પુષ્ટિમાર્ગીય ધર્મ વગેરે (ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપી ચાર) પુરુષાર્થો (ના સ્વરૂપ) નું જ્ઞાન પ્રાપ્ત થાય છે (અર્થાત્ મર્યાદામાર્ગીય ચતુર્વિધ પુરુષાર્થોથી પુષ્ટિમાર્ગીય ચતુર્વિધ પુરુષાર્થો પૃથક્ છે અને તે વૈષ્ણવોને માટે શ્રીકૃષ્ણ જ છે એવું જ્ઞાન પ્રાપ્ત થાય છે). ।। ૧૪ ।।

भक्तिवर्धिनीग्रन्थः ।। तेन भक्तिवृद्धिप्रकारस्नेहादिस्वरूपज्ञानम् ।। १५ ।।

ભક્તિવર્ધિની ગ્રંથ :- તેના પાઠથી (શ્રીકૃષ્ણના પ્રત્યે) ભક્તિ કેવી રીતે વધે તેની રીત તથા સ્નેહ (પ્રેમ) વગેરે (અર્થાત્ પ્રેમ, આસક્તિ અને વ્યસન)નાં સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. ।। ૧૫ ।।

जलभेदग्रन्थः ।।तेन भक्तिमार्गीयभक्तस्वरूपज्ञानम् ।। १६ ।।

જલભેદ ગ્રંથ :- તેના પાઠથી ભક્તિમાર્ગીય ભક્ત (પુષ્ટિમાર્ગીય ભક્ત વક્તા)નાં સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. ।। ૧૬ ।।

पञ्चपद्यानिग्रन्थः ।। तेन श्रोतृस्वरूपज्ञानम् ।। १७ ।।

પંચપદ્યાનિ ગ્રંથ :- તેના પાઠથી (પુષ્ટિમાર્ગીય) શ્રોતાના સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. ।। ૧૭ ।।

संन्यासनिर्णयग्रन्थः ।। तेन त्यागस्वरूपज्ञानम् ।। १८ ।।

સંન્યાસ નિર્ણય ગ્રંથ :- તેના પાઠથી (પુષ્ટિમાર્ગીય) ત્યાગ (સંન્યાસ) ના સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત થાય છે (અર્થાત્ પ્રભુના સતત વિરહના અનુભવરૂપ સંન્યાસનું સ્વરૂપ સમજાય છે). ।। ૧૮ ।।

निरोधलक्षणग्रन्थः ।। तेन प्रपञ्चविस्मृतिपूर्वकभगवदासक्तिः स्वरूपे च निरोधो भवति ।। १९ ।।

નિરોધલક્ષણ ગ્રંથ :- તેના પાઠથી પ્રપંચ (જગત)ની વિસ્મૃતિ થઈ ભગવાનમાં આસક્તિ થાય છે અને (વ્યસનદશામાં) સેવ્ય સ્વરૂપમાં નિરોધ સિદ્ધ થાય છે (અર્થાત્ ભગવત્સ્વરૂપમાં ચિત્ત રોકાયેલું-પરોવાયેલું રહે છે).।। ૧૯ ।।

सेवाफलग्रन्थः ।। तेन उद्वेगादिप्रतिबन्धत्रयज्ञानम् । ततोऽपूर्वकालौकिकसामर्थ्यादिफलत्रयज्ञानम् ।। २० ।।

સેવાફલ ગ્રંથ : તેના પાઠથી ઉદ્વેગ વગેરે (અર્થાત્ ઉદ્વેગ, પ્રતિબંધ અને ભોગરૂપ) ત્રણ પ્રતિબંધો (સેવામાં નડતાં ત્રણ અંતરાયો)નું જ્ઞાન થાય છે.

ત્યાર પછી અપૂર્વ અલૌકિક સામર્થ્ય વગેરે (અલૌકિક સામર્થ્ય, સાયુજ્ય તથા સેવોપયોગી દેહ એ) ત્રણ (સેવાના) ફળોનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. ॥ ૨૦॥

ततः पुरुषोत्तमहस्त्रनामादिग्रन्थानां पाठः कार्यः ॥

પછી પુરુષોત્તમ સહસ્ર નામ વગેરે (મધુરાષ્ટક, ત્રિવિધ નામાવલી ઈત્યાદિ અન્ય) ગ્રંથોનો પાઠ કરવો જોઈએ.

इति श्रीहरिरायजीकृत विंशग्रन्थानुक्रमणिका संपूर्णा ॥

આ મુજબ શ્રીહરિરાયજીએ રચેલી વિંશગ્રન્થાનુક્રમણિકા (વીશ ગ્રંથોની અનુક્રમણિકા) - એ નામનો ગ્રંથ સંપૂર્ણ થયો.

* * *

દશદિગન્ત વિજયી (લેખવાળા)
ગો.શ્રીપુરુષોત્તમજી મહારાજ વિરચિત

ષોડગ્રન્થાનાં સંગતિઃ

અનુવાદ તથા વિવેચન - શાસ્ત્રીજી શ્રીપ્રદ્યુમ્નભાઈ-વડોદરા.

(આચાર્ય શ્રીવલ્લભ-ગુજરાતી વર્ષ-૨, અંક-૧૦, જાન્યુઆરી-૧૯૮૮-માંથી સાભાર)

(આ ગ્રંથની અસલ હસ્ત પ્રત ગો. શ્રીચન્દ્રગોપાલજી - વડોદરાને ત્યાં બિરાજે છે તેના ઉપરથી સંશોધન કરીને પ્રકાશિત કરાય છે.)

'यमुनाष्टकेन स्वरूपयोग्यता' ॥ १ ॥

યમુનાષ્ટકથી સ્વરૂપયોગ્યતા પ્રાપ્ત થાય છે. સેવોપયોગી દેહ, તનુનવત્વની પ્રાપ્તિ અને સ્વભાવવિજય એ સ્વરૂપયોગ્યતા છે. આ સ્વરૂપયોગ્યતા **શ્રીયમુનાષ્ટક** ગ્રન્થના પાઠથી અને શ્રીયમુનાજીની કૃપાથી સુલભ બને છે. તેથી ષોડશગ્રન્થમાં યમુનાષ્ટક પ્રથમ છે.

'स्वरूपयोग्यतायां बालबोधः' ॥ २ ॥

સ્વરૂપયોગ્યતા પ્રાપ્ત થતાં તેને માટે **બાલબોધ** છે. બાલબોધ ગ્રન્થથી સ્વકીયતા પ્રાપ્ત થાય છે. આ ગ્રન્થમાં સ્વરૂપાનન્દની પ્રાપ્તિ માટે ભગવાનની સેવાનું જ નિરૂપણ કરવામાં આવ્યું છે. ભગવત્ સેવા દ્વારા સ્વીયતા સંપાદન કરાય છે. તેથી બાલબોધ ગ્રન્થ બીજો વર્ણવ્યો છે.

'स्वकीयतायां स्वमार्गोपदेशः' ॥ ३ ॥

સ્વકીયતા પ્રાપ્ત કરેલને સ્વમાર્ગનો ઉપદેશ કરાય. **સિદ્ધાન્ત મુક્તાવલી** ગ્રન્થમાં સ્વમાર્ગનો ઉપદેશ કરેલો છે. અનુગ્રહમાર્ગ પુષ્ટિમાર્ગ છે. પ્રભુના

અનુગ્રહને પ્રાપ્ત કરવા જ્ઞાન-ભક્તિ અપેક્ષિત કેવી રીતે બને છે અને એ ગુપ્ત રહસ્યના જ્ઞાનથી સંશયો દૂર કેવી રીતે થાય છે આ નિરૂપણ કરનાર ત્રીજો ગ્રન્થ સિધ્ધાન્ત મુક્તાવલી છે.

ततः पुष्टिमार्गीयजीवज्ञानार्थं पुष्टिप्रवाहमर्यादाग्रन्थः।। ४ ।।

ત્યારબાદ પુષ્ટિજીવની ઓળખ માટે **पुष्टिप्रवाहमर्यादा** ગ્રન્થ છે. આમાં દેહ, ક્રિયા અને ફલના ભેદથી જીવના ત્રાણ પ્રકારનું (પુષ્ટિજીવ-મર્યાદા જીવ અને પ્રવાહજીવનું) નિરૂપણ કરી મર્યાદાજીવ અને પ્રવાહજીવથી પુષ્ટિ જીવની વિશેષતા બતાવી છે તેથી ચોથો ગ્રન્થ પુષ્ટિપ્રવાહ મર્યાદા ગ્રન્થ વર્ણવ્યો છે.

‘ततः पुष्टिमार्गीयजीवज्ञानान्तरं इतिकर्तव्यताऽऽकाङ्क्षायां साक्षात् भगवता प्रोक्तं सिद्धान्तरहस्यम्’ ।। ५ ।।

ત્યારબાદ પુષ્ટિજીવોની ઓળખ પછી તેમના કર્તવ્યની આકાંક્ષામાં સાક્ષાત્ ભગવાને વર્ણન કરેલ **सिद्धान्त रहस्यम्** ગ્રન્થ છે. જીવોના ઉધ્ધાર માટે સરલ ઉપાય બ્રહ્મસંબંધ છે. બ્રહ્મસંબંધ એટલે સ્વસર્વસ્વના સમર્પણપૂર્વક પ્રભુને આત્મનિવેદન. એનાથી જીવગત દોષોનો નિરાસ થાય છે અને એ જીવ ભક્તિનો અધિકારી બને છે. એ જીવનો ભગવાન અંગીકાર કરે છે. આ નિરૂપણ કરનાર- સિધ્ધાન્ત રહસ્યમ્ ગ્રન્થ પાંચમો વર્ણન કરવામાં આવ્યો છે.

‘भगवता अङ्गीकृतं न वा इति चिन्तानिवृत्त्यर्थं नवरत्नम्’ ।।६ ।।

ત્યારબાદ ભગવાને મારો અંગીકાર કર્યો છે કે નહીં એવી ચિન્તાની નિવૃત્તિ માટે **नवरत्नम्** ગ્રન્થ છે. બ્રહ્મસંબંધ કરેલ જીવે કોઈ પણ સમયે કોઈ પણ પ્રકારની ચિન્તા કરવી નહીં. કારણ કે સર્વ સમર્થ પ્રભુના કૃપામાર્ગમાં એ

સ્થિત છે. આ નિરૂપણ છઠ્ઠા ગ્રન્થ નવરત્નમ્માં કરવામાં આવેલ છે.

‘ततः आन्तरोपदेशार्थं अन्तःकरणप्रबोधः’ ।। ७ ।।

ત્યારબાદ આન્તર ઉપદેશ માટે **અન્તઃકરણ પ્રબોધ** છે. જીવે પણ પોતાનાં અન્તઃકરણને સાવધાન કરી આ ગ્રન્થમાં પ્રતિપાદિત સિધ્ધાન્તોનું પાલન કરવાનું છે. ભગવત્ સેવા કરવી એ પરમપુરુષાર્થ છે. સેવામાં આવતાં વિઘ્નો ભગવાનના આશ્રયથી દૂર થાય છે. આ ગ્રન્થ શ્રીમહાપ્રભુજીએ પોતાનાં અન્તઃકરણને નિમિત્ત બનાવી કહ્યો છે. સાતમા ગ્રન્થરૂપે અન્તઃકરણ પ્રબોધ ગ્રન્થ કહેવામાં આવ્યો છે.

‘अन्तःकरणोपदेशानन्तरं तदङ्गोपदेशो विवेकधैर्याश्रय-ग्रन्थेन’ ।। ८ ।।

અન્તઃકરણોપદેશ પછી તેના અંગરૂપ ઉપદેશ એ **विवेकधैर्याश्रय** ગ્રન્થ છે. બુધ્ધિનો ધર્મ વિવેક છે, શરીરનો ધર્મ ધૈર્ય છે, અન્તઃકરણનો ધર્મ આશ્રય છે. આશ્રય સાધનરૂપ અને ફલરૂપ એમ બે પ્રકારનો છે. પ્રભુ જે કાંઈ કરે છે સર્વના હિત માટે જ હોય છે. જીવનની કોઈ પણ પરિસ્થિતિમાં નિજેચ્છાથી પ્રભુ જે કાંઈ કરે તે એની લીલા છે. એમાં મારે ચિન્તા કરવાની ન હોય આવું બુધ્ધિથી વિચારવું એ વિવેક છે. અનેક પ્રકારનાં દુઃખ સહજ રીતે સહન કરી લેવાં એ શરીર ધર્મ ધૈર્ય છે. સર્વત્ર સર્વરૂપે પ્રભુ બિરાજે છે એ પ્રભુનો આશ્રય કરી લેવો એ અન્તઃકરણનો ધર્મ છે. આ નિરૂપણ કરતો આઠમો ગ્રન્થ વિવેકધૈર્યાશ્રય છે.

‘विवेकधैर्याभावेऽपि आश्रय एव कर्तव्येति तदर्थमाश्रयः’ ।। ९ ।।

વિવેક-ધૈર્યના અભાવમાં પણ આશ્રય જ કરવો એ જણાવવા

કૃષ્ણાશ્રય ગ્રન્થ છે. ભગવાનની પ્રાપ્તિ ભગવાનના અનુગ્રહથી જ થઈ શકે, તે માટે સર્વસ્વનિવેદન તથા શરણાગતિ જ મુખ્ય છે. દશલીલાયુક્ત શ્રીકૃષ્ણ એક જ આશ્રયણીય છે. આ નિરૂપણ નવમા ગ્રન્થ કૃષ્ણાશ્રયમાં છે.

'ततो भक्तिवृद्ध्यर्थं भक्तिवर्द्धिनी' ॥ १० ॥

ત્યારબાદ ભક્તિવૃદ્ધિ માટે **ભક્તિવર્દ્ધિની** ગ્રન્થ છે. ભગવલ્લીલા શ્રવણ, ગુણસંકીર્તન, દુઃસંગત્યાગ, સેવા, કથા, પ્રભુનાં સ્થાનમાં નિવાસ આ બધા ભક્તિવૃદ્ધિમાં બીજભાવે છે. આ સાધનોથી ભક્તિની વૃદ્ધિ થાય છે એ નિરૂપણ દશમા ભક્તિવર્દ્ધિની ગ્રન્થમાં છે.

'भक्तिवर्द्धिन्युत्तरत्रोपदिष्टश्रवणार्थं जलभेदः' ॥ ११ ॥

ભક્તિવર્દ્ધિની પછી ઉપદિષ્ટ સિદ્ધાન્તોના શ્રવણ માટે **જલભેદ** ગ્રન્થ છે. આમાં ગાયક વક્તાઓના ભેદનું વર્ણન છે. જલના સ્થાન ભેદથી વીસ ભેદ બતાવી તેનાં દૃષ્ટાંતોથી વક્તાઓના ભેદનું વર્ણન કર્યું છે. સગુણના નવભેદ નિર્ગુણનો એક ભેદ એમ દસ ભેદ અને દશ મર્યાદાના તથા દશ પુષ્ટિના એમ વીસ ભેદનું નિરૂપણ અગિયારમા જલભેદ ગ્રન્થમાં કરેલ છે.

'जलभेदोक्तवक्त(क्तुः) शङ्कानाशात् श्रवणाधिकारश्रोतृज्ञानार्थं स्वतन्त्राणि पञ्चपद्यानि' ॥ १२ ॥

જલભેદમાં વર્ણન કરેલ વક્તા વિષય શંકા દૂર કરી શ્રવણના અધિકારમાં શ્રોતાનાં લક્ષણ વર્ણન કરવા સ્વતંત્ર **પંચપદ્યાનિ** ગ્રન્થ વર્ણન કરેલ છે.

વક્તા અને શ્રોતા એકબીજા સાથે સંકળાયેલા છે. શ્રોતા વિના વક્તા શ્રવણ કોને કરાવે અને શ્રોતા પણ વક્તા વિના શ્રવણ કેમ કરી શકે ? તેથી જલભેદમાં વક્તાનાં લક્ષણ વર્ણન કરી પંચપદ્યાનિમાં શ્રોતાના ભેદ બતાવે છે.

(૧) શુદ્ધ પુષ્ટિમાર્ગીય શ્રોતા (૨) પુષ્ટિ-મર્યાદામાર્ગીય શ્રોતા (૩) મર્યાદા-પુષ્ટિમાર્ગીય શ્રોતા (૪) સાધારણ શ્રોતા. આમ શ્રોતાઓનાં લક્ષણ વર્ણન કરતો બારમો પંચપદ્યાનિ ગ્રન્થ નિરૂપણ કરેલ છે.

ततःस्वमार्गीयचतुर्विधपुरुषार्थज्ञानार्थं चतुःश्लोकी ॥ १३ ॥

ત્યારપછી સ્વમાર્ગીય ચાર પ્રકારના પુરુષાર્થના જ્ઞાન માટે **ચતુઃશ્લોકી** ગ્રન્થ છે. પુષ્ટિમાર્ગમાં પ્રભુના દાસ થવું એ ધર્મ છે. પ્રભુ એ જ અર્થ છે. પ્રભુનાં દર્શનની અભિલાષા એ કામ છે અને પ્રભુમાં સર્વદા ચિત્તની સ્થિતિએ મોક્ષ છે. આમ વર્ણન તેરમા ગ્રન્થ ચતુઃશ્લોકીમાં કરવામાં આવેલ છે.

'ततः स्वमार्गीयसंन्यासज्ञानार्थं संन्यासनिर्णयः' ॥ १४ ॥

ત્યારપછી સ્વમાર્ગીય સંન્યાસના જ્ઞાન માટે **સંન્યાસનિર્ણય** ગ્રન્થ છે. કર્મમાર્ગીય સંન્યાસ અને જ્ઞાનમાર્ગીય સંન્યાસ વર્તમાનકાળમાં દુષ્કર હોવાથી તેનો નિષેધ કરી ભક્તિમાર્ગીય સંન્યાસ જે ભગવદ્ વિરહાનુભવાર્થ ઉપયુક્ત છે તેનું નિરૂપણ ચૌદમા સંન્યાસનિર્ણય ગ્રન્થમાં કરેલ છે.

'संन्याससाधनोपदेशो निरोधलक्षणग्रन्थेन' ॥ १५ ॥

સંન્યાસગત સાધનોનો ઉપદેશ **નિરોધલક્ષણ** ગ્રન્થથી કર્યો છે. નિરોધનો અર્થ પ્રપંચ (સંસાર)ની વિસ્મૃતિપૂર્વક ભગવાનમાં આસક્તિ થવી. સાધન અને ફલરૂપે નિરોધનું નિરૂપણ કર્યું છે. તેમજ ત્રણ પ્રકારની તેની અવસ્થાઓનું વર્ણન પણ પંદરમા નિરોધલક્ષણ ગ્રન્થમાં આપેલ છે.

एवं प्रवर्तमानस्य अधिकारिणो फलं सेवाफलग्रन्थेन ॥१६॥

આ પ્રકારના અધિકારીઓને પ્રાપ્ત થતા ફલનું નિરૂપણ **સેવાફલ** ગ્રન્થથી

કરવામાં આવેલ છે.

ત્રણ પ્રકારનાં ફલ છે.

પુષ્ટિસેવાનું ફલ : અલૌકિક સામર્થ્ય સર્વાત્મભાવ, ભજનાનન્દનો અનુભવ. પુષ્ટિમર્યાદા સેવાનું ફલ - ભગવત્સ્વરૂપમાં સાયુજ્ય અને તદાત્મકતા. પુષ્ટિપ્રવાહ સેવાનું ફલ : વૈકુંઠ પ્રાપ્તિ અથવા સેવોપયોગી દેહની પ્રાપ્તિ. સેવામાં પ્રતિબંધક ત્રણ છે. (૧) ઉદ્વેગ (૨) અંતરાય, (૩) ભોગ આ સર્વનું નિરૂપણ સોળમા સેવાફલ ગ્રન્થમાં કરવામાં આવ્યું છે.

* * *

ગો.શ્રીદ્વારકેશજી વિરચિત
શ્રીયમુનાષ્ટક ટિપ્પણમાં આરંભે આપેલ
ષોડશગ્રન્થોની સંગતિઃ

અનુવાદ તથા વિવેચન - શાસ્ત્રીજી શ્રીપ્રદ્યુમ્નભાઈ-વડોદરા.

तत्र ग्रन्थक्रमः पूर्वमुच्यते -

પૂર્વમાં ગ્રન્થક્રમ કહેવામાં આવે છે -

यमुनाष्टकमादौ तु श्रीकृष्णास्यं हि निर्ममे ।
मुकुन्दरतिसिद्ध्यर्थं दुरितक्षयपूर्वतः ॥ ३ ॥

દૂરિત દોષ નાશ પૂર્વક મુકુન્દપ્રભુની રતિ ભક્તિ સિદ્ધિ માટે ષોડશ ગ્રન્થમાં પ્રથમ **યમુનાષ્ટક(૧)**ની રચના પ્રભુના મુખારવિંદ સ્વરૂપ શ્રીવલ્લભાધીશે કરી છે.

स्वभावविजयार्थं च मुरस्यारेश्च तुष्टये ।
(जीवैस्तु नमनाधिक्यं नैव कर्त्तुं हि शक्यते ।)
नमनादतिरिक्तं तु कर्त्तुं जीवैर्न शक्यते ॥ ४ ॥

સ્વભાવ ઉપર વિજય પ્રાપ્ત કરવા અને મુરારિ પ્રભુને પ્રસન્ન કરવા માટે જીવો પાસે પ્રભુને નમનથી અતિરિક્ત અન્ય કોઈ સાધન નથી.

कृष्णस्य निरपेक्षत्वादिति स्वान्ते विचार्य हि ।
अधिकारस्य सिद्ध्यर्थं यमुनाष्टकमुज्जगौ ॥ ५ ॥

કૃષ્ણને કોઈ અપેક્ષા નથી એમ પોતાના હૃદયમાં વિચારીને જ અધિકાર

સિધ્ધિ માટે યમુનાષ્ટકનું પ્રથમ ગાન કર્યું.

अग्रेऽधिकारसिद्धेस्तु कर्तव्यज्ञापनाय वै ।
सुपुरुषार्थसङ्क्षेपं बालबोधे न्यरूपयत् ॥ ६ ॥

પૂર્વે અધિકાર સિધ્ધ થયા પછી આગળ કર્તવ્ય જણાવવા માટે ઉત્તમ પુરુષાર્થોનું સંક્ષેપથી **બાલબોધ(૨)** ગ્રંથમાં વર્ણન કર્યું છે.

पुरुषार्थपरिज्ञाने साध्यसाधनभावतः ।
सिद्धान्तमुक्तावल्यां तु सेवारूपं न्यदर्शयत् ॥ ७ ॥

પુરુષાર્થનું જ્ઞાન થયા પછી સાધ્ય સાધનના ભાવથી (સાધ્યરૂપે-સાધનરૂપે) સેવાનું રૂપ **સિદ્ધાન્ત મુક્તાવલી(૩)** માં દર્શાવ્યું છે.

तत्र - सेवा च द्विविधा प्रोक्ता बाह्याभ्यन्तरभेदतः ।
तन्निर्वाहाय सिद्धान्तरहस्यं प्रभुरुक्तवान् ॥ ८ ॥

બે પ્રકારની સેવા બાહ્ય અને આભ્યન્તર ભેદથી સિધ્ધાન્તમુક્તાવલીમાં બતાવી છે તે સેવાના નિર્વાહને માટે **સિદ્ધાન્ત રહસ્ય(૪)** ગ્રન્થ શ્રીમહાપ્રભુજીએ વર્ણન કર્યો છે.

तत्र बाह्यपदार्थानां शुद्धिरुक्ता समर्पणे ।
आन्तराणां तु शुद्ध्यर्थं नवरत्नं तथा पुनः ॥ ९ ॥

તેમાં બાહ્ય પદાર્થોની શુધ્ધિ (સિધ્ધાન્ત રહસ્યમાં) સમર્પણથી વર્ણવી અને આન્તર શુધ્ધિ માટે **નવરત્ન(૫)** ગ્રન્થ વર્ણન કર્યો.

अन्तःकरणसम्बोधं प्रकटीकृतवान्स्वयम् ।
बाह्याभ्यन्तरयोः शुद्धिमेवमुत्पाद्य मत्प्रभुः ॥ १० ॥

બાહ્ય અને અન્તરની શુધ્ધિ મારા પ્રભુએ આ પ્રમાણે પ્રકટ કરીને પુનઃ પોતે જ **અન્તઃકરણ સંબોધ (પ્રબોધ)(૬)** ગ્રન્થ પ્રકટ કર્યો.

तन्निर्वाहार्थं विवेकधैर्याश्रयमरीरचत् ।
तत्राश्रयश्चित्तदोषान्न स्थिरो भवतीति हि ॥ ११ ॥

(અન્તઃકરણપ્રબોધ ગ્રન્થ જણાવેલ બાબતોના) નિર્વાહને માટે **વિવેક્ધૈર્યાશ્રય(૭)** ગ્રન્થની રચના કરી. તેમાં આશ્રય ચિત્ત દોષના કારણે સ્થિર થતો નથી જ.

विचार्य कृष्णाश्रयाख्यं ग्रन्थं सूक्ष्मं न्यरूपयत् ।
आश्रये तु स्थिरे सिद्धे स्वकीयार्थप्रसिद्धये ॥ १२ ॥

એમ વિચારી **કૃષ્ણાશ્રય(૮)** નામનો ગ્રન્થ સૂક્ષ્મ રૂપે વર્ણન કર્યો. આશ્રય સ્થિર થતાં પોતાનો અર્થ સિધ્ધ કરવા -

चतुःश्लोकी चकाराग्निरुद्दिश्य स्वमनः प्रति ।
ततो मार्गत्रयस्यापि बोधनार्थं कृपानिधिः ॥ १३ ॥

સ્વમન પ્રતિ **ચતુઃશ્લોકી(૯)** ગ્રન્થની રચના કરી. ત્યારપછી પુષ્ટિપ્રવાહમર્યાદા ત્રણ માર્ગનું જ્ઞાન કરાવવા **પુષ્ટિપ્રવાહ મર્યાદા(૧૦)** ગ્રન્થની રચના કરી.

पुष्टिप्रवाहमर्यादाग्रन्थं गूढमचीकरत् ।
एवं भक्तिप्रकरणं महाकारुणिकस्ततः ॥ १४ ॥

પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રન્થની રચના કરી. આ પ્રમાણે મહાકારુણિકે ભક્તિ પ્રકરણ દઢ કરી પછી ॥ ૧૪ ॥

दृढीकृत्य प्रवृद्ध्यर्थमकरोद्भक्तिवर्द्धिनीम् ।
एवं भक्तिं वर्धयित्वा जलभेदमिषेण तु ॥ १५ ॥
भक्तानां लक्षणं प्राह सर्ववादिनिरासकृत् ।
पद्यानि च तदर्थं हि प्रोवाच निखिलेष्टदः ॥ १६ ॥

તે પછી ભક્તિની પ્રવૃદ્ધિ માટે **भक्तिवर्द्धिनी(१९)** ગ્રન્થની રચના કરી. એ પ્રમાણે ભક્તિની વૃદ્ધિ કરી પછી **जलभेद(१२)** ના નિમિત્તે ॥ ૧૫ ॥ સર્વવાદીઓનો નિરાસ કરનાર (શ્રીમહાપ્રભુએ) ભક્તોનાં લક્ષણ જણાવ્યાં. (ત્યારપછી) નિખિલ ઈષ્ટને આપનારા (શ્રીવલ્લભે) તેના અર્થે (જલભેદમાં કહેવાયેલ વક્તાઓનાં લક્ષણથી પુષ્ટિમાર્ગીય ભક્ત-વક્તાઓએ ભગવચ્ચર્ચા ક્યાં-કેવી કરવી તે અર્થે) **पंचपद्यानि(१३)** ગ્રન્થ કહ્યો ॥ ૧૬॥

उक्तश्च भक्तिवर्द्धिन्यां त्यागो भक्तिविवर्द्धनः ।
अतस्तस्य विवेकार्थं संन्यासे निर्णयं जगौ ॥ १७ ॥

અને ભક્તિવર્દ્ધિનીમાં ભક્તિની વૃદ્ધિ કરનાર ત્યાગનું વર્ણન કર્યું. અને એ ત્યાગના વિવેક-વિચાર માટે **संन्यास निर्णय(१४)** ગ્રન્થ કહ્યો.

भावसिद्धौ भावनैव साधनं त्वपरं न हि ।
निरोधलक्षणे भावं व्रजस्थानामतश्चकौ ॥ १८ ॥

ભાવ સિદ્ધિમાં ભાવના જ સાધન છે બીજું કોઈ સાધન નથી તેથી **निरोधलक्षण(१५)** માં વ્રજભક્તોના ભાવનું વર્ણન કર્યું.

इत्थं पञ्चदशग्रन्थैर्भावं संसाध्य कारणम् ।
उद्वेगप्रतिबन्धानां साधनैर्वारणैः सह ॥ १९ ॥
फलं स कथयाँश्चक्रे सेवाफलनिरूपणम् ।

तस्याप्यतिदुरूहत्वाद्विवृतिं चाकरोद्विभुः ॥ २० ॥

આમ પંદર ગ્રન્થો વડે (ભાવમાં અથવા ફલની સિદ્ધિમાં બાધક એવા) ઉદ્વેગ-પ્રતિબન્ધને તે થવાનું કારણ, તેનું નિવારણ અને નિવારણ સાધનો સહિત ॥ ૧૯ ॥ ફળ વર્ણન **सेवाफल निरूपण(१६)** ગ્રન્થમાં દર્શાવ્યું. તે પણ અતિ દુરુહ હોવાથી **विवृति(१६/१)**ની રચના કરી.

एवं षोडशभिर्ग्रन्थैः पुरुषोत्तमसेवनम् ।
प्रतिपाद्य फलत्वेन चक्रे जीवोद्धृतिं विभुः ॥ २१ ॥

આમ ષોડશગ્રન્થો વડે પુરુષોત્તમની સેવાનું પ્રતિપાદન કરી જીવનો ઉદ્ધાર સમર્થ શ્રીવલ્લભે કર્યો.

अवतारदशायां तु उद्धृती रूपदर्शनात् ।
इह नामात्मकैर्ग्रन्थैः स्वदासानां सदोद्धृतिः ॥ २२ ॥
तस्मात्सर्वप्रयत्नेन दैवैः कर्तव्यमेव हि ।
सेवनं श्रीव्रजेशस्य तद्ग्रन्थानां च पाठनम् ॥ २३ ॥

ભગવાનની અવતાર દશામાં ભગવાનનાં સ્વરૂપ દર્શનથી ઉદ્ધૃતિ થાય છે, (પરન્તુ) અત્યારે નામાત્મક ગ્રન્થો વડે પોતાના દાસોની સદા ઉદ્ધૃતિ છે ॥ ૨૨ ॥ તેથી સર્વ પ્રકારના પ્રયત્ન વડે શ્રીવ્રજેશપ્રભુનું સેવન અને તેમના સમ્બન્ધી (શ્રીઆચાર્યચરણ વિરચિત) ગ્રન્થોનું પઠન-પાઠન દૈવી જીવોએ નિશ્ચયે કરવું ॥ ૨૩ ॥

* * *